# ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ, જુનાગઢ

## પશ્ચિમ ગુજરાત વીજ કંપની લીમીટેડ

સર્કલ ઓફીસ, જુના પાવર હાઉસ કમ્પાઉન્ડ, આઝાદ ચોક, એમ.જી.રોડ, જુનાગઢ – ૩૬૨૦૦૧

ફોન નં. : ૦૨૮૫ – ૨૬૨૨૧૬૭/૨૬૫૭૮૭૭ **website : forumjunagadh.pgvcl@gebmail.com**

**CIN:U40102GJ2003SGC042908**


પીજીવીસીએલ/સીજીઆરએફ/૨૦/ક્વા-03/૨૦૨૧-૨૨/૩૩૧ તા.૨૪.૦૨.૨૦૨૨

૨૦૦૩ના ભારતીય વીજળી અધિનિયમની કલમ નં.૪૨(૫) તેમજ ગુજરાત વિદ્યુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) અગાઉના નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૧ હેઠળ રચાયેલ તેમજ પ્રવર્તમાન નોટીફીકેશન નં. ૦૨/૨૦૧૯ મુજબના ગ્રાહક ફરીયાદ નિવારણ ફોરમ (CGRF) પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ જુનાગઢના ચેરમેન સમક્ષ નોંધાયેલ ફરીયાદ.

**No. PG – ૨૦/ક્વા-03/૨૦૨૧-૨૨**

અરજદાર: શ્રી મટુબેન હમીરભાઈ ગોજીયા ગામ – મીયાત્રા

સબડીવીઝન: હાપા

## :: વિરુધ્ધ ::

સામાવાળા: કાર્યક્ષેત્ર: કાર્યપાલક ઈજનેર પીજીવીસીએલ વિભાગીય કચેરી જામનગર શહેર-૧

## :: કોરમ ::

| | | |
|---|---|---|
| ૧) ચેરપર્સન | : | શ્રી બી.પી.બુચ |
| ૨) મેમ્બર સ્વતંત્ર | : | શ્રી એન.એસ.પંડયા |
| ૩) મેમ્બર ટેકનીકલ | : | શ્રી જે.જે.ભટ્ટ |

સુનાવણી સ્થળ- પીજીવીસીએલ, વર્તુળ કચેરી જામનગર

તારીખ: બુધવાર (૧૯.૦૧.૨૦૨૨)

૧.૦ સદર કેસની સુનાવણી તા.૧૯.૦૧.૨૨ (બુધવાર) નાં રોજ રાખવામાં આવેલ હતી.જેમાં ઉપર મુજબ બને પક્ષકારો હાજર રહેલ હતા.

## :: અરજદારની રજૂઆત ::

૨.૦ અરજદારશ્રી રજુઆતમાં જણાવે છે કે,હું મધુબેન હમીરભાઈ ગોજીયા જામનગર તાલુકો જામનગર જીલ્લો જામનગરના મિયાત્રા ગામમાં મીટર નં. 2229 P.G. થી ગ્રાહક નં. 8552/00506/4 થી ખેતીવાડી વિજ વપરાશકાર છું જે આપની જાણ માટે.વિનંતી સાથે જણાવવાનું કે ગત વર્ષ૨૦૧૯ -

૨૦ અને ૨૦૨૧ માં કોરોનાની માહમારી અને અતિવૃષ્ટીથી ખેતી અને સમગ્ર માનવ સમાજ દુ:ખી અને ભયભીત હતા આવા સંજોગોમાં મારી ખેતીમાં સામાન્ય પરિવારનું ગુજરાન ચલાવતા હતા અને ટુંકી મને અશક્ય અને આશ્ચર્યજનક ખેતી વપરાશનું P .G .V .C .L. તરફથી મળેલ બિલથી દુ:ખી છું આપણે વિનંતી કે મારા વિજવપરાશ કરતાં અને ઉત્પાદન કરતાં વધારે બિલથી હું પરેશાન અને દુ:ખી છું.મીટર લેબ.માં જતાં મીટર રીડર નો ફોલ્ટ હોવાનું ત્યાના કર્મચારીઓની આંતરીક ચર્ચાઓ માં મને આછો એવો ખ્યાલ આવ્યો પરંતુ જે હોય તે મારી આફતમાં સહકાર આપી ન્યાય અપાવવા વિનંતી છે.સહકારની અપેક્ષા સાથે આપની વિશ્વાસુ ગ્રાહક તકરાર નિવારણ ફોરમના ન્યાય માટે જં ખતો ગ્રાહકઆમ અરજદારશ્રીએ અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

## :: પી.જી.વી.સી.એલ.ની રજૂઆત ::

3.0 ગ્રાહકશ્રીની વિજ બીલ બાબતની રજુઆત અન્વયે સબંધિત હાપા પેટા વિભાગીય કચેરી પાસેથી મેળવેલ વિગત અને માહિતી નીચે મુજબ છે.

અરજદાર/ગ્રાહકનુ નામ/ગામ :શ્રી મટુંબેન હમીરભાઈ ગોજીયા , મીયાત્રા વાડી વિસ્તાર,

જી. જામનગર

ગ્રા.નં-૮૫૫૨૧/૦૦૫૦૬/૪ , કેટેગરી-A2 ખેતાવાડી

કોન્ટ્રાક્ટ લોડ :૭.૫ એચ.પી. કનેકશન તા.૧૦.૧૧.2003

3.૧ તા.૧૬.૦૬.૨૦૨૧ ના એપ્રીલ-મે -૨૧ ના બીલીંગ સમયે (મીટર નં પીજી ૨૨૨૫૯ ) ૮૪૧૫ થી ૧૫૫૭૫૬ રીડીંગનુ વપરાશ મુજબનુ ગ્રાહકશ્રીને૧૪૭૩૪૧ યુનિટ નુ રૂ૮૮૭૩૫.૦૯નું વીજ બીલ આપવામા આવેલ. તા.૦૬.૦૮.૨૦૨૧ ના રોજ મીટર નં પીજી ૨૨૨૫૯ ને પ્રફોર્મા-૧૫ નં ૧૦૯૯૩ થી વિવાદિત મીટર બદલવામાં આવેલ. તા.૦૨.૦૯.૨૦૨૧ ના રોજ મીટરનુ લેબરોજકામ શીટ નં ૨૬૫૩ થી કરવામા આવેલ, જેમાં મીટરના છેલ્લા રીડીંગ ૧૫૫૯૪૮ જણાયેલ તેમજ મીટરને કોમ્પુટર સાથે જોડી MRI લેવામાં આવેલ જેમાં રીડીંગ અને મીટર OK આવેલ છે. જે આ સાથે સામેલ છે.

3.૨ આમ, ગ્રાહક શ્રીને તા.૧૬.૦૬.૨૦૨૧ ના રોજ આપવામાં આવેલ વીજ બીલના રીડીંગ સાચા હોવાનું ફલીત થાય છે. તથા સદર મીટર કોઈ પણ પ્રકારનું ફોલ્ટી હોવાનું લેબ રીપોર્ટમાં જણાયેલ નથી.તેમજ MRI રીપોર્ટમાં પણ વપરાશ જણાય છે.આ બાબત ગ્રાહકના પ્રતિનિધિ શ્રીને હાપા પેટા વિભાગીય કચેરી એ રૂબરૂ સમજાવેલ છે. સદર બાબત સ્પષ્ટ હોવા છતાં અને સમજાવેલ હોવા છતાં તેઓને સંતોષ ન થવા થી ગ્રા.ત.નિ.ફોરમ સમક્ષ વીજ બીલ વેવ કરવા અરજી કરેલ છે.લેબ રીપોર્ટમાં કન્ફર્મ રીડીંગ સીરીઝ વપરાશી બીલ હોય આ બીલ ભરપાઈ કરવા પાત્ર છે.

## :: હુકમ ::

૪.૦ અરજદારશ્રી દ્વારા કરેલ મૌખીક તેમજ લેખીત રજૂઆત તથા સામાંવાળાની મૌખીક રજૂઆત અને રજૂ કરાયેલ દસ્તાવેજી પુરાવાઓના આધારે ફોરમ નીચે મુજબના નિર્ણય ઉપર આવેલ છે.

૪.૧ સદર બાબતે પીજીવીસીએલ કંપની દ્વારા અરજદાર શ્રી ને મીટર બદલાવેલ છે અને તેનું લેબ પરીક્ષણ પણ કરવામાં આવેલ છે અને જેમાં મીટર બરાબર જોવા મળેલ છે.

૪.૨ અરજદાર શ્રી ની રજૂઆત મુજબ એકી સાથે પેન્ડિંગ પડેલા યુનિટ નું બિલ આપવામાં આવેલ છે. જે નિયમ મુજબ છે જે અરજદાર શ્રી ને ભરવાપાત્ર છે. તે મુજબઅત્રે ના ફોરમ દ્વારા હુકમ કરવામાં આવે છે.

૪.3 આ સાથે અરજદારની અરજી ફેસલ કરવામાં આવે છે.

| | | |
|---|---|---|
| શ્રી એન.એસ.પંડયા | શ્રી જે.જે.ભટ્ટ | શ્રી બી.પી.બુચ |
| સ્વતંત્ર સભ્ય | મેમ્બર (ટેકનીકલ) | ચેરપર્સન |

**નોંધઃ-**

(૧) અરજદાર સદર હુકમથી નારાજ હોય તો સદર હુકમ મળ્યાની તારીખથી દિન-30 માં વિધુત લોકપાલમાં રજૂઆત કરી શકે છે.આ સાથે વિધુત લોકપાલમાં રજૂઆત કરવાની પધ્ધતિ સામેલ છે.

(૨) ગુજરાત વિધુત નિયંત્રક આયોગ (ગ્રાહક ફરિયાદ નિવારણ ફોરમ અને લોકપાલ) વિનિયમો૨૦૧૧ જાહેરનામા નં.૨/૨૦૧૧ ની કલમ ૩.૧૭ મુજબની બધી શરતો સંતોષવામાં આવેલ હશેતો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.કલમ ૩.૧૭ (૮) મુજબ ફરિયાદિએ જરૂરી હોય તો ફોરમ ના હુકમના સંદર્ભમાં પરવાનેદાર પાસે એક તૃતીયાંશ રકમ જમા કરાવી હોય અને કરેલ ચુકવણીની સાબિતી રજૂ કરી હોય,તો જ તેવી રજૂઆત લોકપાલ સ્વીકારશે.

(૩) લોકપાલ નું સરનામું : વિધુત લોકપાલની કચેરીબ્લોક નં. ૩, પોલિટેકનિક કમ્પાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦૦૧૫.ફોન નં. (૦૭૯) ૨૬૩૦૨૬૮૯